<u>ક્રિ.પ.અ.નં.૭૯૬/૧૮, નરોડા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૦૨૮/૧૮ ના કામે મુદ્દામાલ પરત મેળવવાની આંક ૧ ની અરજી લગત હુકમ</u>

(૧) અરજદારની અરજી વંચાણે લીધી તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ વિ.વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા તેમનો લેખિત શેરો વંચાણે લીધો.નરોડા પો.સ્ટે.ના પી.આઈ.નો લેખિત અભિપ્રાય વંચાણે લીધો. સદરહુ મુદ્દામાલ સબંધી અરજદાર તરફે આપવામાં આવેલી આર.ટી.ઓ રજીસ્ટ્રેશનની કોપી વંચાણે લીધી.

(૨) અરજદારે સદર ગુના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલનું વાહન પરત મેળવવા માટેની અરજી કરેલી છે.અરજદારની સદરહુ અરજીના અનુસંધાનમાં સદર ગુનાના ત.ક.અ.શ્રીએ પોતાનો મુદ્દામાલ સબંધી હકારાત્મક અભિપ્રાય આપેલો છે,

(૩) હવે આ કામે પોલીસ ધ્વારા કરવામાં આવેલું પંચનામું તથા મુદ્દામાલ પાવતી જોતાં સદરહુ મુદ્દામાલનું વાહન પોલીસે આ કામના આરોપીઓ પાસેથી તપાસ અર્થે કબજે લીધેલ છે. હવે પોલીસ ધ્વારા કરવામાં આવેલું પંચનામું, મુદ્દામાલ પાવતી તથા અરજદાર તરફે રજુ કરવામાં આવેલા સદર મુદ્દામાલ વાહનને લગતા તમામ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં હાલમાં સદરહુ મુદ્દામાલ વાહનના એક માત્ર માલિક અને તેના કબજેદાર અરજદાર છે અને તેના બીજા કોઈ કલેમન્ટ નથી.હવે મુદ્દામાલનું વાહન જે અરજદારની રોજબરોજની જરૂરિયાતનું અને આવકનું સાધન છે અને જો તે લાંબો સમય પો.સ્ટે.માં પડી રહે તો તેના ટાયર, ટયુબ તથા મશીનરીને નુકશાન થવાની સંભાવના રહેલી છે. વધુમાં <u>૨૦૦૩(૧), જી.એલ.એચ.પાન નં. ૩૦૭, ના.સુપ્રિમકોર્ટે,સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ</u>

ગુજરાતના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે મુદ્દામાલ પરત આપવા અંગે માર્ગદર્શક સુચના આપેલી છે તેને ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૨), જી.એલ.આર.પાન નં.૧૬૭૫ પરસોતમદાસ હરીભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને પણ ધ્યાને લેતાં મુદ્દામાલનું વાહન અરજદારને પરત સોંપવું યોગ્ય જણાઈ આવે છે ત્યારે વચગાળાના તબકકે યોગ્ય શરતોને આધીન મુદ્દામાલનું વાહન અરજદારને પરત આપવાનું હું ન્યાયી માનું છું. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

હુ ક મ

અરજદારની આ અરજી આથી મંજુર કરવામાં આવે છે.

નરોડા પો.સ્ટે. ધ્વારા ફાડવામાં આવેલી મુદ્દામાલ પાવતી નં. ૫૧/૧૮, તા.૭/૨/'૧૮ માં જણાવેલ મુદ્દામાલ આઈટમ નં.૧ વાળુ વાહન, મુ.પા.માં જણાવેલી કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અરજદાર આપેથી સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલનું વાહન નીચે જણાવેલી શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે હાલના અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:-

૧) મુદ્દામાલનું વાહન ના.અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં વિના વિલંબે અરજદારે,તેમના ખર્ચે અત્રેની અદાલતમાં રજુ કરવાનું રહેશે.

૨) આ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી ઉપરોકત મુદ્દામાલનું વાહન અરજદારે કોઈને વેચાણ કરવું,કરાવવું નહિ કે ટ્રાન્સફર કરવું,કરાવવું નહિ કે કોઈના કબજે સોંપવું નહિ કે તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો,કરાવવો નહિ.

૩) મુદ્દામાલના વાહનનો હવે પછી કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો,કરાવવો નહિ.

૪) અરજદારે સદર મુદ્દામાલના વાહનમાં ના.કોર્ટની પરવાનગી વગર તેમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો, કરાવવો નહીં અને યથાવત સ્થિતિમાં મુદ્દામાલનું વાહન રાખવાનું રહેશે.

૫) અરજદારે બોન્ડ તથા જામીન પો.સ્ટે.માં રજુ કરવાના રહેશે.

હુકમ આજ તા.૧૪/૨/'૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને, વાંચી સંભળાવી જાહેર કર્યો.

(બી. સી. ઠકકર )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
જજ કોડ નં.જીજે૦૦૬૯૫